# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

તન ની કે પદની ભૂખ, બધે આસારામો ભર્યા છે,
દાનવ, દંભે દિસે દેવ, બધે આસારામો ભર્યા છે!
કરે વશ, વશીકરણે - બધે આસારામો ભર્યા છે!
શું ધર્મ કે રાજકારણ, બધે આસારામો ભર્યા છે..

## હાઇકુ

સીબીઆઇ છે -
- છાંટ ગંગાજળ ની,
દે ક્લીન ચીટ!

- ને લાતં-લાતે,
ફંગોળાય ફાઇલ,
'લોકપાલ'ની..

## ચિંતન

દરિદ્રતા ધીરયતા વીરાજતે કુવસ્ત્રતા શુભતયા વિરાજતે ।
કદન્નતા ચૌષ્ણતયા વિરાજતે કુરૂપતા શીલતયા વિરાજતે ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

'દરિદ્ર અવસ્થામાં જો વ્યક્તિ ધીરજપૂર્વક સમયને પારખી વર્તન કરે તો એ નિર્ધનતાનું કષ્ટ એને ભારરૂપ લાગતું નથી. એટલે કે દારિદ્રય પણ ધૈર્યથી શોભાયમાન લાગે છે.

સામાન્ય સાદાં અને જીર્ણ-સીર્ણ વસ્ત્રો હોય પણ ધોયેલાં અને સાફસુથરાં હોય તો મોંઘા અને નવાં વસ્ત્રો કરતાં વધારે સારાં લાગે છે અર્થાત ઘસાયેલાં - જૂનાં વસ્ત્રો પણ સ્વચ્છતાથી શોભે છે.'

ભલે છપ્પન જાતના પકવાન ન હોય પણ તદ્દન સાદું દાળ-ભાત-શાક-રોટલીનું ભોજન હોય પણ સ્વાદિષ્ટ અને ગરમ હોય તાજું જ હોય તો એ ઉત્તમ લાગે છે. જૂનાં-વાસી ભોગનો મોટો થાળ કરતાં તાજું-ગરમ-સાદું ભોજન સારૂં લાગે છે.

એ જ પ્રમાણએ બાહ્ય દેખાવ - શરીરનો દેખાવ ભલે કદરૂપો-કુરૂપ કે શ્યામવર્ણનો હોય પરંતુ જો વ્યક્તિનું આંતરિક સૌંદર્ય - સદ્ગુણો વિનય-વિવેક અને સદાચાર હોય તો બાહ્ય દેખાવનો કોઇ જ અર્થ નથી.

સદ્ગુણોની સામે બાહ્ય દેખાવનું કોઇ જ મહત્ત્વ રહેતું નથી.

## સુવિચાર

- સો વર્ષના થવું એ મહત્ત્વનું નથી. સો વર્ષ 'જીવવું' એ મહત્ત્વનું છે - જ્ઞાનસૂત્ર
- સફળ થવા ઇચ્છતા દરેક માણસે એક વાત કાયમ યાદ રાખવી જોઇએ, સફળતાને ગંભીરતાથી ન લેશો તો ચાલશે પણ દરેક નિષ્ફળતાને ગંભીરતાથી લેવી જોઇએ - એસ. ભટ્ટાચાર્ય
- દેખાય હસતાં રમતાં જે ચહેરા જુદા જુદા, એની ઉપર છે કેટલાયે પહેરા જુદા જુદા, જો જો જરા ચેતીને સ્વીકારજો એને, મળશે ફૂલોનાં વેશમાં કાંટા જુદા જુદા - ઋષભ ત્રિવેદી
- તમને પ્રેમ કરવા વાળા તમારાથી ડરવા જ જોઇએ, તમે તમારી અંગત વ્યક્તિની ભૂલ કેટલી માફ કરી શકો છો તેના પરથી નક્કી થતું હોય છે કે તમે તેને કેટલો પ્રેમ કરો છો - ડો. ચન્દ્રકાન્ત મહેતા
- મહેનતની પણ મજા આવવી જોઇએ. જયાં સુધી તમે એ મહેનતમાંથી આનંદ પ્રાપ્ત કરો છો ત્યાં સુધી બરાબર છે, પરંતુ જયાં એ આનંદ પૂરો થાય તો એ જ મહેનત તમને મજૂરી લાગશે - જર્મન કહેવત
- 'હું મારા મિત્ર સાથે સૌથી વિશેષ કંઇ પણ કરી શકું તો એ જ કે એનો મિત્ર રહી શકું' - ડેવિડ થોરો
- જે પોતાનો હોય એને 'અનુભવ' કહેવાય. કોઇકના અનુભવના ઓશિકે આપણું માથું ન મુકાય - ઝેન કથન

## બોધ કથા

આજે સિમેન્ટ-કોંક્રીટના વન વધી રહ્યાં છે અને વૃક્ષોના વન કપાઇ રહ્યાં છે પછી ઋતુઓમાં ફેરફાર અને સમતુલા ન સચવાય એમાં દોષ કોનો? પછી આપણે હોમ-હવન કરી ને મહાદેવને પાણીમાં ડુબાડીએ એમાં બિચારા ભગવાનનો શું વાંક?

બિહારના એક જિલ્લામાં દુષ્કાળ થયો. ગામ લોકો સંત પાસે ગયા અને પૂછ્યું શું કરીએ?

સંત સાચા સંત હતા કહ્યું - અત્યારથી ઠેર ઠેર ખાડા કરી નાખો વરસાદ આવે પછી વૃક્ષો વાવો અને એનો ઉછેર કરો.

ખેડૂત હજારીનો પરિવાર મોટો હતો બીજા થોડા પરિશ્રમી યુવાનોને લઇ ખાડા ખોદી ફળોનાં વૃક્ષ વાવવાની ઝૂંબેશ શરૂ કરી. વરસાદ થતાંની સાથે જ આંબા-જાંબુ-જામફળ-સીતાફળ જેવાં ફળાઉ ઝાડ ઉગવા લાગ્યા. હજારી અને તેના પરિવારની પ્રેરણા લઇ આખા જિલ્લામાં ફળ-ફૂલના વૃક્ષો વાવવાની ઝૂંબેશ શરૂ થઇ. એક નાના ખેડૂતની સાદી સમજથી ઉજ્જવ વેરાન-બાગ બની ગયો. બિહારના આ જિલ્લાનું નામ હજારીના મૃત્યુ પછી 'હજારીબાગ' જિલ્લો રાખવામાં આવ્યું. સામાન્ય ખેડૂતના નામ પરથી જિલ્લો ઓળખાય એવું વિશ્વમાં ભાગ્યે જ બન્યું હશે.

Email - sureshchandrabhatt18@gmail.com

# આપણે માનવ તરીકે જીવવાનું શીખીએ તો એ મોટામાં મોટું સમાજ સેવાનું કાર્ય છે, માણસે આકાશ - પાતાળ અને બ્રહ્માંડ સર કર્યા છે, જગતનો સ્વામી બન્યો છે પરંતુ કમનસીબી છે કે, તેને માણસ તરીકે કેમ જીવવું તે આવડતું નથી

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**● સમાચાર સેતુ**

છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એવી ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા તા. ૮-૯-૨૦૧૩ને રવિવારના રોજ, વિરામ લઇ રહેલ સોડમ ભીના વરસાદી વાતાવરણમાં સેક્ટર-૧૬ ખાતેનાં ''બ્રહ્મ સમાજ ભવન''માં બ્રહ્મ સમાજ, ગાંધીનગરના સદ્ભાવથી, પ્રમુખ દોલત ભટ્ટની અનુપસ્થિતિને કારણે, ઉપપ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' ના અધ્યક્ષપણા હેઠળ સંપન્ન થઇ.

સૌ પ્રથમ શબદની સંગિની - વીણા વાહિની 'મા સરસ્વતી'ની ઉપાસનાથી સભાનું મંગલાચરણ કર્યાબાદ, અધ્યક્ષશ્રીએ પોતાના મનનીય ઉદ્બોધનમાં સર્વેનું હેતાળવા ઉમળકાથી સ્વાગત કર્યું અને જણાવ્યું કે, આજકાલ માનવમાંથી સંવેદનશીલતા મરી પરવારી છે. કવિ ઉમાશંકર જોષીએ કહ્યું છે, ''હું માનવી માનવ થાઉં તો ઘણું'' તે મુજબ જો આપણે માનવ તરીકે જીવવાનું શીખીએ તો એ મોટામાં મોટું સમાજ સેવાનું કાર્ય છે. માણસે આકાશ - પાતાળ અને બ્રહ્માંડ સર કર્યા છે. જગતનો સ્વામી બન્યો છે પરંતુ કમનસીબી છે કે, તેને માણસ તરીકે કેમ જીવવું તે આવડતું નથી, પરિણામે જગતમાં પ્રશ્નોની વણઝાર સર્જાય છે. તેમણે આ માસમાં જેઓનાં જન્મદિન આવતા હતા તેઓને અંતરના અભિનંદન પાઠવ્યા.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આર.સી. હાઇસ્કૂલ કડી કેમ્પસ, ગાંધીનગર ખાતે ધો.૯ની વિદ્યાર્થીનીઓની યોજવામાં આવેલ ''ગુજરાતી ભાષા શુદ્ધિ વાક્ય રચના અને જોડણી સ્પર્ધા'' બાબતેની વિસ્ત માહિતી, પ્રો. ડૉ. સોમાભાઇ પટેલ દ્વારા આપવામાં આવી. અને જૂની પેઢી અને નવી પેઢીનું તાદાત્મય સધાય તે માટેનાં પ્રયત્નો કરવા સર્વેને અનુરોધ કર્યો. ત્યારબાદ આ સ્પર્ધાની વિજેતા બાળાઓ - કુ. હિમાની, કુ. વિભૂતિ, કુ. માનસી, કુ. નિકી ને અધ્યક્ષ ભરત કવિ અને પ્રો. ડૉ. સોમાભાઇ પટેલના વરદ હસ્તે પ્રમાણપત્રો અર્પણ કરાયાં.

મંત્રી નટવર હેડાઉ ''વનવિહારી'' દ્વારા મુક્તકો અને પ્રકૃતિ કાવ્ય - જંગલ બહુ ગમે છે - રજૂ કરી, સર્વેને ભાવવિભોર કર્યા. ત્યારબાદ અગાઉ નક્કી થયા મુજબ, કવિઓએ સ્વરચિત રચનાઓનું નીચે પ્રમાણએ પઠન કર્યું.

(૧) મૂળજીભાઇ પરમાર 'દધિ' - આંખે ભરી લાલાશ છે (૨) સુમંતભાઇ શાહ - અર્થ સરે કે ન સરે (૩) રમણભાઇ શ્રીમાળી - સત્ય (૪) સોમાભાઇ પરમાર - રાજયનું પાટનગર ગાંધીનગર (૫) ઇશ્વરલાલ ડી. જોષી - સૌ સદા પ્રેમથી (૬) બાબુલાલ વણઝારા - સાયકલ સુખ ને (૭) ગોપાલભાઇ આર. ઠક્કર - જીવન સફર છે. (૮) પ્રવીણભાઇ ગઢવી - દીવડા (૯) ભરત કવિ 'ઉર્મિલ' - ફરિયાદ છે

કવિઓએ ઉપર મુજબ રજૂ કરેલ કાવ્યો/મુક્તકો/ગઝલને હાજર સર્વેએ આનંદથી મનભર માણ્યાં અને તાળીઓનાં ગડગડાટથી હરખભેર વધાવી લીધાં. ત્યારબાદ સંખ્યાના સહમંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ'એ આભારવિધિ કરતા, હાજર સર્વે અંતઃકરણપૂર્વકનો આભાર માની, સભાની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

**● કાવ્ય સેતુ : આંખે ભરી લાલાશ છે...!**

ભીંતરે ભીંજાતી ને કોરી ધાકોર, આંખે ભરી લાલાશ છે.
કોમળકળી ને ભાવ-વિભોર, આંખે ભરી લાલાશ છે.
મદોન્મેત, ઉન્માદી મદઝરતી, આંખે ભરી લાલાશ છે.
દયા યાચતી ને ઊનાં અશ્રુ સારતી, આંખે ભરી લાલાશ છે.
શઠ બનીને અકારણ છળતી, આંખે ભરી લાલાશ છે.
પ્રેમપાંગર્યે સકારણ ઢળતી, આંખે ભરી લાલાશ છે.
મધૂરાં ને નવલાં સોણલાં જોતી, આંખે ભરી લાલાશ છે.
નેણનાં ઉલાળે દમકતાં મોતી, આંખે ભરી લાલાશ છે.
ભાવશૂન્ય - વિરહી વેદનાત્રસ્ત, આંખે ભરી લાલાશ છે.
રણચંડી બનતી ક્રોધાગ્નિગ્રસ્ત, આંખે ભરી લાલાશ છે.
ભાવસલૂણી અમી ઝરતી હેતાળ, આંખે ભરી લાલાશ છે.
દ્વેષાગ્નિભરી, સૂકીભંઠ રેતાળ, આંખે ભરી લાલાશ છે.
મૌનશબ્દનાં છોડતી કાતિલ તીર, આંખે ભરી લાલાશ છે.
સીધું-સૌરવું વિંધતી ઝમીર, આંખે ભરી લાલાશ છે.
પલકારે એ વીજશી મલકાતી, આંખે ભરી લાલાશ છે.
ભરપૂર નદીસમ છલકાતી, આંખે ભરી લાલાશ છે.
'દધિ' સમ ભરતી ઓટ દિખલાતી, આંખે ભરી લાલાશ છે.
સદા જૂની ને નિત્ય બદલાતી, આંખે ભરી લાલાશ છે.

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

**અર્થ સરે કે ન સરે**

કયાંક વ્યોમમાં વાદળ બનું કે બની શકું.
આશ અમીટ ધીરજ ધરૂં કે ન ધરી શકું.
ગુઝારામાં આહકારો હું કહું કે ન કરી શકું.
અધીરો હું બન્યો સહારો આપું કે ન આપી શકું.
સાર્થ પાર્થ જીવનમાં મારો બને કે ન બને.
માર્ગ કે કેડીએ તું મારો દર્શક બને કે ન બને.
ઝંઝાવાતી તુફાને મારો તારક બને કે ન બને.
હામ હૈયામાં તું મારો પ્રેરક બને કે ન બને.
વ્યથિત હું ઉદ્ધારક તું ગમ રહે કે ન રહે.
દ્રવિત હું પ્લાવિત તું જામ મળે કે ન મળે,
તૃષાતુર હું જળધોધ તું તૃષા છીપે કે ન છીપે,
સમર્પિત હું પોષક તું અર્થ સરે કે ન સરે.

- સુમંતભાઇ મં. શાહ

**સત્ય**

ખોળજે ખોળજે ખોળજે રે...તારા ખોલીયામાં ...(૧)
તારા ખોળીયામાં સત્યેને ખોળજે રે...
એને ભરોસે જીવન જીવજે રે... તારા ખોલીયામાં ...(૨)
સત્યના સામે સફળ જગ ઝૂકે...
અંતર વિવેક તું જાણજે રે... તારા ખોળીયામાં ...(૩)
સારાએ જગમાં સત્ય જ પૂજાય છે...
સત્યમાં જ સહુ સમાય છે રે... તારા ખોળીયામાં...(૪)
મનનો મેલ તારો દૂર કરી લે...
સત્ય સંઘરી એ તો સાફ થાય છે રે.... તારા ખોળીયામાં... (૫)
મનનો મેલ તારો દૂર કરી લે...
એના વિના નહીં સમજાય છે રે... તારા ખોળીયામાં... (૬)
જગના અંધકારમાં સત્યની દીવડો...
મારગ કાપશે એ અજ્ઞાન નો રે.... તારા ખોળીયામાં ...(૭)
ધ્રુવ-પ્રહલાદ સમ. અવિચળ - પાવક...
સત્ય વચને એ તો પૂજાય છે રે.... તારા ખોળીયામાં ... (૮)
સત્યમ્ - શિવમ્ - સુંદરમ્ મંત્ર છે મોટો...
જેની ભીંતર, સનાતન દેખાય છે રે... તારા ખોળીયામાં... (૯)
સત્યનું પીણું એ સંતે ઘટઘટ પીધું...
અહિંસા શસ્ત્રથી જગ જીતાય છે રે... તારા ખોળીયામાં ... (૧૦)

- રમણલાલ એમ. શ્રીમાળી

**રાજયનું પાટનગર ગાંધીનગર**

રાજયનું પાટનગર ગાંધીનગર, ગાંધીના નામનું ગાંધીનગર
સૌનું વહાલું, હરિયાળું ગાંધીનગર
સેક્ટર-૧માં સંત સરોવર સોહામણું ગાંધીનગર
તહેવારોનાં ઉલ્લાસમાં રાચતું ગાંધીનગર
એસ.ટી. બસોને વીસકોટની સેવા લેતું ગાંધીનગર
અક્ષરધામ નદી કાંઠે, સોહામણું ગાંધીનગર
સ્વામીનારાયણ - પંચદેવ મંદિર દર્શાનાર્થે શોભતું ગાંધીનગર
સભા, પ્રદર્શનાર્થે રચ્યું મહાત્મા ગાંધીનગર
સેન્ટ્ર વિસ્ટામાં શોભે ગાંધીનગર.
સેક્ટર-૨૮માં ક્રિડાગણમાં રેલ મોજમજા માણતું ગાંધીનગર
મોટા રસ્તા અને રીંગ રોડ પરનાં ફુટપાથવાળું ગાંધીનગર
ઉપવન, પુનિતવન, ચેતનાવન, પ્રાકૃતિવન સોહામણું ગાંધીનગર
પાટનગર હોવા છતાંય ખૂટલી રેલ સેવા વિનાનું ગાંધીગનર
નેતાઓના નામથી અજાણ રસ્તા, વર્તળોવાળું ગાંધીનગર
મારૂં મનપસંદ પ્યારૂં પ્યારૂં ગાંધીનગર. -

સોમાભાઇ ડી. પરમાર

# અહીં સબરડીન યુદ્ધનું સ્મારક પણ આવેલું છે, આ સ્મારક ગ્રેટ આંદામાની આદિવાસીઓની વીરતાને સન્માનિત કરવા માટે બનાવવામાં આવ્યું છે

પોર્ટ બ્લેરમાં સબરડીન જેટ્ટીની પાસે રાજીવ ગાંધી વોટર સ્પોર્ટસ સંકુલ આવેલું છે. તેમાં પ્રવેશતાં આગળ મોટો બગીચો છે. દરિયા કિનારે આવેલ હોવાથી પ્રવાસીઓને ગમી જાય તેવી આ જગ્યા છે. સરકાર તરફથી અહીં વોટર સ્પોર્ટસની સુંદર સગવડ કરવામાં આવી છે.

અહીં સબરડીન યુદ્ધનું સ્મારક પણ આવેલું છે. આ સ્મારક ગ્રેટ આંદામાની આદિવાસીઓની વીરતાને સન્માનિત કરવા માટે બનાવવામાં આવ્યું છે.

આ સ્મારક પાસે જતાં જ આપણે તેનો ઇતિહાસ જીવંત થતો અનુભવાય છે. સને ૧૮૫૮ના અંત ભાગે આ ટાપુ પર એક હજારથી વધુ કેદીઓને લાવવામાં આવ્યા હતા. તે વખત ડો. વોકર અને તેના અધિકારીઓ માટે આલીશાન ઇમારતો ચણવાનું કામ શરૂ થયું હતું. અહીંના ગીચ જંગલ વિસ્તારને સાફ કરાતો હતો. અને અહીંના મૂળ નિવાસી એવા આદિવાસીઓને ખદેડી મુકવામાં આવ્યા હતા. જેથી તેમનામાં રોષ પ્રવર્તતો હતો. જેનાં કારણે ડો. વોકરને સબરડીન નામે વિખ્યાત યુદ્ધ એટલે કે 'બેટલ ઓફ સબરડીન' નો સામનો કરવો પડ્યો. જો કે ડો. વોકર કેદીઓના જે સમુહને સખત નફરત અને ધૃણાથી જોતો હતો. તેમાના જ એક કેદી દૂધનાથ ને કારણે ડો. વોકર અને તેના માણસો હચી ગયા હતા. નહીંતર આગામી ઇતિહાસમાં આ ઘટના કોઇ જુદી જ રીતે આલેખાઇ હોત. કારણ કે ખુબ જ સુનિયોજિત રીતે આદિવાસીઓએ આ યુદ્ધને લડવાની કોશીષ કરી હતી. તેમાં જો તેઓને સફળતા મળી હોત તો આ ટાપુ પર એ લોકોની જ હકુમત થઇ ગઇ હોત.

આ 'બેટલ ઓફ સબરડીન' બાબતે જાણતા પહેલાં હું તમને આ યુદ્ધના ખલનાયક દૂધનાથ તિવારીનો પરિચય આપી દઉં.

દૂધનાથ તિવારી સંયુક્ત પ્રાંતના કોઇ ગામડાનો રહેવાસી હતો. તે ૧૪ બંગાલ ઇન્ફેન્ટરી રેજીમેન્ટમાં સીપાઇ તરીકે જોડાયો હતો. પણ પહેલાં સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે તે પણ આઝાદીની લડતમાં કુદી પડ્યો અને પકડાઇ જતાં તેને કાળાપાણીની સજામાં બંધક રૂપે અહીં લાવવામાં આવ્યો હતો. ટાપુ પર ગીચ જંગલ અને સામે ઉછળતો દરિયો તે સિવાય ક્ષિતિજ સુધી દૂર દૂર નજર દોડાવવામાં આવે તો ક્યાંક બચવાનો આરો કે ઓવારો ન હતો. તેમ છતાં ૨૩, એપ્રિલ ૧૮૫૮ની એક અંધારી રાતે આ ટાપુ પરથી ૯૧ જેટલા કેદીઓની સાથે તે ફરાર થઇ ગયો. આ કેદીઓનું નેતૃત્વ શેરખાન નામે એક પઠાણ કેદી કરતો હતો. તેની વાત આપણે વાયસરોય લોર્ડ મેયો હત્યાકાંડની ઘટનામાં જોઇ ગયાં છીએ. આ શેરખાનને અહીંની ભૂગોળનું સામાન્ય જ્ઞાન હતું. તેણે એવું અનુમાન કર્યું કે જંગલને રસ્તે એવા કોઇક સ્થળે પહોંચી શકીએ કે જયાંથી બર્માનું રંગૂન ઘણું નજીક હોય. પણ તેનું અનુમાન ખોટું નિકળ્યું. અને એ બધાં જંગલમાં અટવાઇ પડ્યા. જેમાંથી ઘણાં બધા આદિવાસીઓનાં હાથે માર્યા ગયા. તે દરમિયાન તેમની ટૂંકડી ને ૧૩૦ કેદીઓનાં એક મોટા ટોળાનો સામનો પણ કરવો પડ્યો. એ લોકો પોસિવેની શિબિરોમાંથી ભાગી છૂટ્યા હતા.




આદિવાસીઓનાં હુમલામાં દૂધનાથ તિવારી અને તેના સાથીદારો ખુબ જ મોટાં પ્રમાણમાં ઘાયલ થયાં હતા. તેથી એ લોકો જીવ બચાવવા જંગલની ઝાડીઓમાં સંતાઇ ગયા. પરંતુ એ દરમિયાન એ લોકોએ જોયું કે બીજા ઘાયલ કેદીઓ પણ બચવા માટે સુરક્ષિત જગા શોધી રહ્યા હતા.

ગમે તેમ કરીને તેમણે રાત કાઢી નાંખી પણ સવાર થતાં ચાથમ ટાપુની આસપાસ આદિવાસીઓ એ તેમને ઘેરી લીધા. તેમના ઉપર તીર વરસવાં લાગ્યાં. જેના કારણે દૂધનાથ તિવારી ને ઘણા જખ્યો થયા. છતાં તે જીવતો રહ્યો. આ હુમલા દરમિયાન તેની નજર સામે બે કેદીઓનાં મોત થઇ ગયાં હતા. તેથી જેવાં આદિવાસીઓ તીરકમાન ને ભાલા લઇ તેની તરફ આવવા લાગ્યા. ત્યાં તેને નજર સામે મોત દેખાવા લાગ્યું. તેની આંખે અંધારા આવવા લાગ્યા. તેને રોતાં રોતાં કરગરીને આદિવાસીઓનાં મુખીયા પાસે જીવનદાન માગ્યું. તેની આ હાલતને જોઇ આદિવાસીઓનાં સરદારને દયા આવી અને તે તેને પોતાની સાથે તાર મુગલી ટાપુ પર લઇ ગયો. રસ્તામાં માટી અને જડીબુટ્ટીઓની તેની સારવાર પણ કરી. તાર મુગલી અહીંથી ખાસ્સો દૂર છે. તેથી તેના વિષે સામાન્ય લોકોમાં બહું જાણકારી મળતી નથી. હાં પણ એવું સાંભળવા મળ્યું કે આંદામાનના આદિવાસીઓ એ સૌથી પહેલાં દૂધનાથ તિવારીને 'તોરા રાયોકો લા' જેનો અર્થ એવા થાય છે કે સામાન ઊંચકવાવાળો. તરીકે રાખી લીધો. તે પછી એ લોકોએ તેને તેમની જીવનશૈલીની પદ્ધતિ શીખવાડી. જે આદિવાસીઓ માટે જરૂરી હોય છે. જંગલમાં શિકાર કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવામાં જયારે તે સક્ષમ બની ગયો ત્યારે આદિવાસીઓનાં સરદારે તેને જીવનદાન આપ્યું એટલું જ નહીં એ તેના પર એટલો બધો ખુશ થઇ ગયો કે તેણે તેની ૨૦ વર્ષની દીકરી લીયાનાં લગ્ન પણ તેની સાથે કરાવી આપ્યાં. અને તે પછી થોડા સમય બાદ બીજી ૧૬ વર્ષની દીકરી જીગા ને પણ તેની જ સાથે પરણાવી. દૂધનાથ તિવારી પહેલો એવો વ્યક્તિ હતો જેની એક નહીં પણ બબ્બે પત્નીઓ હતી. દૂધનાથ તિવારીને હવે એમ લાગતું હતું કે સભ્ય સમાજમાં તે હવે કયારેક પાછો ફરી નહીં શકે. તેથી તે તેમની સાથે ઘરબાર વગરની અસ્થાયી યાયાવરી જીંદગી જીવવા લાગ્યો.

૧૦ મે, સને ૧૮૫૯ ની આસપાસના સમયમાં દૂધનાથ તિવારીએ એમ લાગ્યું કે જે રીતે દૂર દૂરના ટાપુઓ પરથી આદિવાસીઓનાં ટોળા અહીં આ મુગલી ટાપુ પર ભેગાં થઇ રહ્યાં છે તે કોઇ ખતરનાક કામને અંજામ આપવાની તૈયારી કરતાં હોય તેમ લાગે છે. તેને આ લોકોની ભાષા પણ હવે સમજાવા લાગી હતી. તે લોકો પોર્ટબ્લેર પર હુમલો કરવાની તૈયારી કરતા હતા.

આ દરમિયાન ૨૦ જેટલી હોડીઓમાં ૩૦૦ જેટલા આદિવાસીઓ હથિયારથી સજ્જ થઇને પોર્ટ બ્લેર તરફ નીકળી પડ્યા. રસ્તામાં એકબીજા ટોળકી પણ મળી. તેમાં સદલુ નામે કેદીને જોઇને દૂધનાથ ખુશ થયો. આદિવાસીઓનાં ભયને કારણે તેમને આંખના ઇશારે મૈક પેરસેન ખાડીને પાર કરી ચિડિયા ટાપુનાં જંગલમાં પ્રવેશ્યા. ત્યાંથી સમુદ્ર કિનારાના રસ્તે પોર્ટ બ્લેર પહોંચવા લાગ્યા અને જયારે તેઓ સબરડીન વિસ્તારમાં આવેલ કેદીઓનાં બેરેક હવે સ્પષ્ટ દેખાતા હતા. તેમણે એકાદ દિવસ પછી હુમલાની યોજના બનાવી હતી. તે દરમિયાન આંદામાની આદિવાસીઓની ફોજનો કમાંન્ડર ઓલ્ગા જૈલા જે પોર્ટ બ્લેરના જંગલનો સરદાર હતો. તેને દૂધનાથ અને સદલુને હુકમ કર્યો કે તમારે બંનેએ અહીં સ્ત્રીઓ અને બાળકોની સુરક્ષા માટે રોકાવાનું છે. તમારે લડાઇમાં આવવાની જરૂર નથી.

દૂધનાથ તિવારીને એવું લાગ્યું કે અંગ્રેજોનો વિશ્વાસ સંપાદન કરવાનો આથી સારો મોકો મળશે નહીં. કદાચ કુદરતે પણ એ જ નિર્માણ કર્યું હશે. તેથી એ રાતે ત્યાંથી ભાગી છૂટ્યો અને સૌથી પહેલાં આ વાતની જાણ તેણે સબરડીન કેદીઓનાં બેરેકના રક્ષમ માટે મુકવામાં આવેલા સિપાઇઓને કરી. તેણે ગમે તેમ કરીને આ મેસેજ ડો. વોકર સુધી પહોંચાડયો તો તેણે કહ્યું કે જો મેસેજ ખોટો હશે તો દૂધનાથને ફાંસીની સજા થશે. ડો. વોકરના આદેશથી ગોરાઓની સેનાએ મોરચો સંભાળી લીધો. સમુદ્રમાં ઉભેલાં બે જહાજો એ તોપનાં નાળચાં ફેરવી જે તરફથી હુમલો થાય તેમ હતો તે તરફ કરી દીધો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણને જયાં સુધી સારૂં સારૂં એટલે કે સુખ મળતું રહે છે, ત્યાં સુધી પ્રભુને યાદ પણ નથી કરતા, આટલા સુખ સાહ્યબી આપનાર તરફ નજર-ધ્યાન સુદ્ધાં ય નથી કરતા પણ જેવી કાંકરી એટલે કે સામાન્ય તકલીફ પડી કે તરત આપણે પ્રભુને યાદ કરીએ છીએ

## દુઃખ મેં સિમરણ સબ કરે

- લક્ષ્મી એમ. વાધવાણી

દુનિયાભરમાં સૌથી ઉત્તમ યોનિ મનુષ્ય યોનિ ગણાય છે. કારણ માનવીને વાચા ઉપરાંત બુદ્ધિ પણ આપી છે. પણ મોટા ભાગે એ જોવામાં આવ્યું છે કે સ્વાર્થી પણ માનવી જ બનતો જાય છે. પછી તે સ્ત્રી હોય કે પુરૂષ. જયાં સુધી બધું સારૂં થાય કે કંઇક પ્રાપ્ત થાય તો જશ પોતાને જ આપવાનો. કે મારી મહેનતથી, મારી આવડતથી કે મારી બુદ્ધિ વડે જ મેં જ પ્રાપ્ત કર્યું છે જયારે કંઇક ખરાબ થાય એટલે બધો દોષ નસીબનો, ભગવાનનો, ઉપરવાળાનો કાં તો અન્ય કોઇનો.

પણ કહેવાય છે ને -

"દુઃખ મેં સિમરણ સબ કરે સુખમે કરે ન કોઇ,
જો સુખમે કરે દુઃખ કોહે કો હોય?"

પણ આ માનવ સ્વભાવ બની ચૂક્યો છે. આપણે બાળકોને આગ્રહપૂર્વક અંગ્રેજી ભાષામાં શીખવાડીયે છીએ કે કોઇ આપણને કંઇ પણ આપે તો તરત "થેંકયુ" કહેવાનું. પછી તો મમ્મી-પપ્પા જ કેમ ના હોય? જયારે આ કુદરત, ભગવાન આપણને રાત દિવસ માત્ર આપ્યા જ કરે છે. તો આપણે કેટલો આભાર માનવીએ છીએ? બાળકો તો એ જ શીખશે ને કે જે માતા-પિતા પોતે કરતાં હશે, નહિ કે કહેતા હોય તે. બાળકો મોટા ભાગે અનુકરણ જ કરતા હોય છે. પણ ખરેખર આપણે સૌએ દરેક પરિસ્થિતિમાં ઇશ્વરનું સ્મરણ કરવું જોઇએ, આભાર માનવો જોઇએ અને આગળ કહ્યું તેમ સુખમાં પણ ભક્તિ ભૂલવી ના જોઇએ જેથી દુઃખ આવે જ નહિ.

એક જગ્યાએ છ માળનું બિલ્ડીંગ બની રહ્યું હતું. ત્યારે એ બિલ્ડીંગના કોન્ટ્રાકટર ત્યાં બપોરના સમયે વિઝીટ પર આવ્યા જયારે કારીગરો જમવા ગયા હોય. અને બન્યું પણ એવું જ, બધા જ કડિયાઓ જમવા ગયા હતા, ફક્ત એક જ કડિયો ત્યાં છેક ભોય તળીયે કામ કરતો હતો. કોન્ટ્રાકટર છેક છઠ્ઠા માળે કામ જોવા ગયા. કડિયાનું ધ્યાન એના તરફ ના ગયું. તે પોતાના કામમાં મશગુલ હતો. કોન્ટ્રાકટર છઠ્ઠા માળે હતો ત્યાં ને કંઇક યાદ આવ્યું તો કડિયાને બૂમ પાડી પણ આજુબાજુના કોલાહમમાં તથા તેના કામમાં વ્યસ્ત હોઇ કડિયાને સંભળાયું નહિ. જેથી કોન્ટ્રાકટરે તેનું ધ્યાન આકર્ષિત કરવા દસ રૂપિયાની નોટ કડિયા પાસે ફેંકી જે બરાબર કડિયાના પગ પાસે પડી, તે નમીને કામ કરતો હતો. જેથી તેણે તે નોટ તરત જોઇ લીધી, આજુબાજુ નજર કરી પણ કોઇ ના દેખાતાં પોતાના ખિસ્સામાં મુકી દીધી અને પોતાના કામે વળગી ગયો. ફરીથી કોન્ટ્રાકટરે સો રૂપિયાની નોટ કડિયા પાસે ફેંકી તે પણ કડિયાના પગ પાસે પડી. એ પણ તેણે આજુબાજુ નજર કરીને કોઇની ન લાગતાં પોતાના ખિસ્સામાં મૂકી દીધી. કોન્ટ્રાકટરને તેનું છેક છઠ્ઠા માળે કામ હતું. આથી, તેણે વિચાર્યું આ તો મારી તરફ જોતો જ નથી. તેણે ફરી એક ઝીણી કાંકરી કે જે વધુ વાગે નહિ તે ઉઠાવીને કડિયા ઉપર ફેંકી. જે કડિયાના માથે પડી. તરત કડિયો સફાળો થઇ ગયો અને આ વખતે તેને આજુબાજુ જોવાની સાથોસાથ ઉપર પણ જોયું, અને તે કોન્ટ્રાકટર સાથે સંપર્ક કરી શક્યો.

આ તો એક વાર્તા છે. પણ આવું આપણી સાથે વારંવાર નથી બનતું? આપણને જયાં સુધી સારૂં સારૂં એટલે કે સુખ મળતું રહે છે. ત્યાં સુધી પ્રભુને યાદ પણ નથી કરતા. આટલા સુખ સાહ્યબી આપનાર તરફ નજર-ધ્યાન સુદ્ધાં ય નથી કરતા પણ જેવી કાંકરી એટલે કે સામાન્ય તકલીફ પડી કે તરત આપણે પ્રભુને યાદ કરીએ છીએ. જો કડિયાને જેવી નોટ મળી કે તરત ઉપર નજર કરી હોત તો કાંકરી વાગવાનો પ્રશ્ન ના ઉદ્ભવત ને?

જીવન એક સિક્કા જેવું છે એક બાજુ Pleasure (ખુશી) તો બીજી તરફ Pain (દુઃખ/તકલીફ) પણ એક વખતમાં એક જ બાજુ જોવાય છે. જયારે બીજી બાજુ હંમેશા પોતાનો વારો લાવવા તત્પર હોય છે, આથી આપણને સિક્કાને જે સ્થિતિમાં રાખીશું એવું પામીશું. આપણે આખી જિંદગી શું કરતાં આવ્યા છીએ, ધૂળ પોતાના પર હોય છે ને આયના/અરીસો સાફ કરતા આવ્યા છીએ.